# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

૫૦

સુવર્ણ જયંતિ વર્ષ

તંત્રી :
વિરેન શાં. ધોળકિયા
લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
વર્ષ :
ઓગષ્ટ થી જુલાઈ



સ્વપ્નદ્રષ્ટા : મુ. શાંતિભાઈ ધોળકિયા

કલમ કડછી બરછીના પ્રણેતા અને આ માધ્યમ દ્વારા શિક્ષણ, સેવા અને સંરક્ષણને ઉજાગર કરનાર સ્થાપક મુ. શાંતિભાઈને 'બરછી'ના ૫૦ વર્ષના અવસરે નતમસ્તક વંદન

બરછી કાર્યાલય, C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, રાજકોટ - ૧.
ફોન : ૦૨૮૧ - ૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ Email : barchhi@rediffmail.com Web : www.barchhi.com

વર્ષ : ૫૦ અંક : ૧

ઓગષ્ટ-૨૦૧૩

## કલમ કડછી બરછી – ૫૦ વર્ષના સંભારણા

કલમ કડછી બરછી પચાસમા વર્ષમાં પ્રવેશ કરી રહયું છે ત્યારે જે સામાયિકને બાલ સ્વરૂપે ખોળામાં રમતું જોયું હોય તે ૫૦ વર્ષનું થાય ત્યારે પ્રકાશક અને વાચક બંનેને આત્મસંતોષ થાય તે સ્વાભાવિક છે. પચાસ વર્ષના સમય દરમિયાન અને નદીઓના પાણી બદલાય ગયાં હશે અને તેમાં વધઘટ પણ થઈ હશે. તેમ જ્ઞાતિમાં પણ અનેક બદલાવ આવી ગયા હશે. આમ તો માણસ આખોને આખો બદલી ગયો છે. તે માનવી માંથી માનવ થયો નથી. માણસ બદલાય એ તો કદાચ સહન થઈ શકે પરંતુ નાગર તો ન જ બદલવો જોઈએ. આ આપણી સંસ્કૃતિની માંગ છે...કલમ એટલે વિદ્વત્વં અને સંસ્કારીતા,કડછી એટલે જિંદગીના સર્વ રસોનો રસાસ્વાદ અને બરછી એટલે અભયત્વ. આ ત્રણેય સદગુણો સંસ્કારગત રીતે નાગરના લોહીમાં જન્મજાત રહેલા છે.

કલમ કડછી બરછી સાથેના મારે અનેક સંભારણા છે. છેલ્લા પચાસ વર્ષથી વર્ષમાં ઓછામાં ઓછી બે કૃતિઓ બરછીમાં પ્રકાશિત થઈ છે...કાર્યાલય પહેલાં સીડીવાળી શેરીમાં આવેલ 'રૂદ્રપ્રસાદ'માં હતું. છાપકામ ગાયત્રી પ્રેસમાં થતું  એક સમયે મહેશભાઈ પણ સંચાલન સંભાળતા.

આદ્યતંત્રી શાંતિભાઈ સાથે અનેક વખત સત્સંગ થતો. નાગર પ્રત્યે ગર્વ ધરાવતા એક અતિ સંસ્કારી વિચારવન્ત પ્રતિભા હતા. આજે પણ હું  દિલથી માનું છું  કે  નાગર એ જ્ઞાતિ નથી એક વિચારધારા છે. આપણા માનસમાં સતત એક ખ્યાલ રહેવો જોઈએ કે 'હું નાગર છું.' આપણી જ્ઞાતિની સંસ્કારીતા, વિદ્વત્તા અને સહનશીલતાને કેન્દ્રમાં રાખી મેં આપણા સૌના આ માસિકમાં અનેક કાવ્યો અને કૃતિઓ આપી છે.આજ સુધી પ્રત્યેક અંકમાં જ્ઞાતિને લગતી ઘણી માહિતી આવે છે પણ નવી પેઢીને પ્રેરણા મળે તેવા આદર્શ અને સંસ્કારની માહિતી આપવા નમ્ર સૂચન છે.

અંતમાં રાત દિવસ જોયા વગર આ સંસ્કૃતિનો દીપ ચોમેર ધરવા બદલ વિરેનભાઈ અને સહયોગીઓને અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ.'શિવસ્તે પન્થાઃ' સાથે ક. ક. બરછીના પ્રણેતા...

કલમ કડછી બરછી
શિક્ષણ સેવા સંરક્ષણ

### સુવર્ણ જયંતિના  દ્વાર

**કલમ** આજે સુવર્ણજયંતિના દ્વાર પર છે
**કડછી**ના વનપ્રવેશને હજુ વાર છે પણ
**બરછી** માહિતી પીરસવામાં નંબર વન છે
**શિક્ષણ** આપણા નાકના આભૂષણ સમાન છે
**સેવા**ની આંખ દૂર રાખે છે  જ્ઞાતિને કળીયુગના દૂષણથી
**સંરક્ષણ**ના સતેજ કાન જાળવે છે નાગરની કાન્તીને
જ્ઞાતિના મુખ–પત્ર દ્વારા આ મશાલ પેટાવી શાંતીભાઈએ

શબ્દાંજલિ :– પ્રતિભા એસ. બૂચ પરીવાર

### સ્વ. મુ. શાંતીભાઈ ધોળકીયાને ઊરાંજલિ

માસ ઓગષ્ટ આવ્યો ને  આપ યાદ આવ્યા
અંતર જાગી ઊઠયું ને આપ યાદ આવ્યા
કલમ કોળવા લાગીને આપ યાદ આવ્યા
રસનું ચિંતન થયુને આપ યાદ આવ્યા
અભયત્વ લોહીમાં ધબકયું ને આપ યાદ આવ્યા
શાંતી નામ ઝબકયું ને આપ યાદ આવ્યા
નાગર ખમીર સ્મર્યું ને આપ યાદ આવ્યા
શકિતમાં મનડું તર્યું ને આપ યાદ આવ્યા
અશ્રુ નયને ખર્યુ ને આપ યાદ આવ્યા
'પ્રેરણાંશુ' પુષ્પ જોયું ને આપ યાદ આવ્યા

– મહેશ દેસાઈ(પ્રેરણાંશુ) રાજકોટ

**તંત્રી સ્થાનેથી...**

## કલમ કડછી બરછીની પ્રકાશનયાત્રાના ૫૦મા વર્ષમાં પ્રવેશ અવસરે

સૌ પ્રથમ મુ. શાંતિભાઈની ૨૬મી પૂણ્યતિથિએ કોટિ કોટિ પ્રણામ.

મુ. શાંતિભાઈ દ્વારા મુખ્યત્વે જ્ઞાતિ ઐકયના ઉદ્દેશથી ૧૫ ઓગષ્ટ–૧૯૫૭ના રોજ 'કલમ કડછી બરછી'ની પ્રકાશન યાત્રાનો પ્રારંભ થયો આ ૧૫ ઓગષ્ટના રોજ ૫૦મા વર્ષમાં પ્રવેશ કર્યો.(વચ્ચેના સમયમાં શાંતિભાઈએ નોકરી સબબ પ્રકાશન સ્થગિત કર્યું હતું તે મુજબ) તે સમયે વાર્ષિક લવાજમ રૂા. ૩.૬૦ પૈસા, અને ૨ પૈસાની ટપાલ ટીકીટ. તેઓએ ઘેર ઘેર પત્રિકા વિતરણ કરી પ્રચાર–પ્રસાર કર્યો. ઠેર ઠેરથી આવકાર મળ્યો..તે સમયે ગાયત્રી પ્રેસમાં અને બાદમાં વ્યાવસાયિક ઉદ્દેશથી ફાઈનઆર્ટ પ્રિન્ટર્સ શરૂ કર્યું તેમાં બીબાં ગોઠવી ટ્રેડલ મશીનમાં બરછી છપાતું..સંયુકત કુટુંબ તેથી નાના મોટા સભ્યો ટીકીટ ચોડવા, રેપર ઉપર સરનામા કરવામાં કામે લાગી જતા. વિશુધ્ધ જ્ઞાતિભાવના ધરાવતા નિઃસ્વાર્થભાવથી સેવાભાવી બંધુઓ પ્રતિનિધી તરીકે જોડાતા ગયા. જ્ઞાતિની ગતિ–વિધિના સમાચારો મુખ્ય. સાથે સાથે કાવ્યો, જાણીતા કલમ કસબીઓના વિવિધ વિષય પરના લેખો છપાતા ગયા..બહેનો બાળકોના વિભાગો સામેલ થયા તો રમેશ બૂચના કાર્ટૂનો તો સતત ૪૦ વર્ષ છપાયા.જેનું સૌને આકર્ષણ પણ રહેતું. આમ ત્યારથી આજ સુધી બરછીની સૌને આદત પડી ગઈ...અને ફલક વિસ્તરતું ગયું. શાંતિભાઈના જીવનનાં સૂત્ર BE MAN MAKE MEN ને બરછી દ્વારા પણ ચરિતાર્થ કરી સત્ય, મૂલ્ય, નિષ્ઠા સાથે નિષ્પક્ષ અને અડગ રહી તેઓએ જ ૨૫ વર્ષ સેવાની ભેખ ધરી બરછીને ઉછેર્યું...સમૃધ્ધ કર્યું અને ૨૩ ઓગષ્ટ ૧૯૮૮ના રોજ અનન્ય પ્રેમ–આદર મેળવી વિદાય લીધી.


બરછી પોતાના પ્રેસમાં છપાય શાંતિભાઈ લખીને 'મેટર' આપતા જાય તેમ સમાચારો,લેખો કંપોઝ થાય,પ્રિન્ટીગ થાય...તેમની નિવૃત્તિમાં આ પ્રવૃત્તિ હતી તેથી ત્યારે મેં પ્રેસ માલિકે લેવા જેટલો રસ લીધો હતો, વળી યુવાન વય અને કોમર્સ ગ્રેજ્યુએટ તેથી જ્ઞાતિ અને કલમને ઘણું છેટું પડે..પણ...કલમ કડછી બરછી જાળવવાનું જાણે ઈશ્વરદત્ત નિર્માણ થયું હોય તેમ વડીલ બંધુ મહેશભાઈ (જેઓ એક સમયે તંત્રી સ્થાને પણ હતા)એ ત્રણેક વર્ષ સંકલન, લેખન કર્યું શીખ– સધિયારો આપ્યો.પરિવર્તનના ભાગ રૂપે ૨૦ વર્ષ પહેલાં સ્ત્રી પુરૂષ સમાનતા,ઐકય,પ્રેમની ભાવના અભિવ્યકત કરતા તેઓના જ કોન્સેપ્ટ પર આધારીત રાજકોટના કલાજીવ શ્રી વિરલ વૈશ્નવ સર્જિત 'બરછી'નો નવો આકર્ષક લોગો મુકવામાં આવ્યો. સમયાંતરે અગાઉના પ્રતિનિધીઓ, વાચક વર્ગ સાથેનો સ્થાપિત સેતુ જળવાય રહયો. દેશ પરદેશના સમાચારો, સાથે અગાઉના લેખકો,કવિઓ સાથે નવોદિતો સમૃધ્ધ રચનાઓ પીરસતા રહયા, અનાયાસે જ માહિતી– જરૂરીયાતોનો સમન્વય સધાતો ગયો..નવી ટેકનોલોજી આવી– કંપોઝ પ્રિન્ટીંગને બદલે કોમ્પ્યુટર ઓફસેટ મશીનમાં પ્રિન્ટીંગ, હાથે સરનામા લખવાનું સ્થાન કમ્પ્યુટર મેઈલીંગ પ્રોગ્રામથી પ્રિન્ટરે લીધું. પુત્ર અંકુર (3G) દ્વારા વેબસાઇટ પણ તૈયાર થઈ. સમયને અનુરૂપ પરિવર્તનો થતાં રહયાં, ગમતાં રહયાં. (હા, કેટલાંક અણગમતાં પણ કરવાં પડે !)

છેલ્લાં ૧૫ વર્ષમાં તો બહારની દુનિયા સાથે જ્ઞાતિમાં પણ અનેક બાબતોમાં ધડમૂળથી બદલાવ આવ્યો, કસોટીઓ આવી, વિશેષમાં વિવિધ સંચાર માધ્યમો આવી ગયાં આમ છતાં સારા નરસા સમયમાં સૌના પ્રેમાળ સાથથી ૨૫ વર્ષની મજલ કપાઈ ગઈ....અને 'બરછી'૫૦ વર્ષના સાક્ષી બનવામાં નિમિત્ત બન્યા, જે બદલ ઈશ્વર, પિતાશ્રી પ્રત્યે કૃતજ્ઞતા સાથે પ્રકાશન યાત્રાના હમસફર એવા બરછીના ત્યારથી આજના પ્રતિનિધીઓ, અસંખ્ય વાચક જ્ઞાતિબંધુઓ, લેખકો, કવિઓ, કલાકસબીઓ, સંસ્થાઓના કાર્યકરો, સમાચારદાતાઓ, વિજ્ઞાપન દાતાઓ, મિત્રો, સ્વ. મગનભાઈ ધોળકિયા(દાદા)ના પરિવારજનોના અંતઃકરણથી આભારી છીએ.

શિક્ષણ સેવા અને સંરક્ષણના પરંપરાગત સંસ્કારને ઉજાગર કરનાર જ્ઞાતિજનોની પ્રગતિ–સિદ્ધિને જ્ઞાતિ સમક્ષ ઉજાળવા અમારી કલમને બળ મળતું રહે તે જ અભ્યર્થના સાથે સમસ્ત જ્ઞાતિનું શુભ–મંગલ વાંચ્છીએ છીએ.

*– વિરેન શાં. ધોળકિયા–તંત્રી*

## ધૈર્ય છાયા એમ.બી.એ. થયા



મૂળ ભુજના રાજકોટ સ્થિત કિરણભાઈ અને દીપિકાબેન છાયાના પુત્ર ધૈર્ય છાયાએ સતત ડિસ્ટીંગ્શન સાથેની ઉજ્જવળ કારકિર્દી જાળવી રાખીને તાજેતરમાં જીટીયુ (એફિલીએટેડ મારવાડી કોલેજ) દ્વારા લેવાયેલ પરીક્ષામાં ૮.૮૬ પીઆર સાથે ઉત્તીર્ણ થઈ એમ.બી.એ.(ફાઇનાન્સ)ની પદવી મેળવી. તેમજ કેમ્પસ ઈન્ટરવ્યુમાં પસંદગી પામી અમદાવાદ ખાતે એસ.એન.એલ. ફાઈનાન્સીયલ (ઇન્ડીયા) પ્રા. લી.માં ફાઈનાન્સીયલ એનાલીસ્ટ તરીકે નિમણુંક મેળવી છે.

ચિ. ધૈર્ય ભુજના સ્વ. હરિભાઈ તથા સ્વ. મૃદુલાબેન છાયાના પૌત્ર તેમજ રાજકોટના સ્વ. ડો. જીતેન્દ્રરાય તથા સ્વ. દમયંતીબેન ઓઝાના દોહિત્ર થાય. અભિનંદન સહ શુભેચ્છા.

## ધ્રુવમ્ વૈશ્નવ એમ.બી.એ. થયા



ભુજના શ્રીમતી હર્ષા પરેશ વૈશ્નવના પુત્ર ધ્રુવમ્ એમ.બી.એ.ના છઠા સેમેસ્ટરમાં ડીસ્ટીંગ્શન એ-ગ્રેડ સાથે ટોપટેનમાં સ્થાન સાથે ઉત્તીર્ણ થયા. ચિ. ધ્રુવમે ભુજનાં શ્રીમતી પૂર્ણેન્દુ હરિભાઈ અંતાણી (બરછી પ્રતિનિધી)ના દોહિત્ર તેમજ જ્ઞાતિ સેવક સ્વ. શ્રી ઉમાકાંતભાઈ વૈશ્નવના (કાકા)ના પૌત્રએ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન-શુભેચ્છા.

## કુ. માનસી વત્સરાજ બી. ઈ. (ઈલે.)

મોહાપાડા-પનવેલ સ્થિત શ્રી ધનંજય વત્સરાજનાં પુત્રી કુ. માનસી મુંબઈ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.ઇ. (ઇલેકટોનીકસ)ની પરીક્ષામાં ૬૮% સાથે ઉત્તીર્ણ થઈ કેમ્પસ ઈન્ટરવ્યુમાં પસંદગી પામી ટીસીએસ કંપનીમાં જોડાયાં. અભિનંદન.

## કુ. નિશિતા વૈશ્નવ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક સાથે બી.એસસી. થયાં




રાજકોટના વિરલ અને નંદીની વૈષ્ણવનાં પુત્રી કુ. નિશિતા વૈષ્ણવ બી.એસસી.બાયો ઈન્ફોમેટીકસના છેલ્લા સેમેસ્ટરમાં પણ ૯૦% મેળવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક જાળવી રાખી જ્વલંત સફળતા સાથે બી.એસસી.ની પદવી મેળવી છે. અત્રે નોંધપાત્ર છે કે કુ. નિશિતા ત્રીજા સેમમાં ૮૧% , ૪માં ૮૮% તથા પાંચમાં ૯૨% સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક સાથે ઉત્તીર્ણ થયેલ. કુ. નિશિતા દેવ્યાનીબેન અને અવિનાશભાઈનાં પૌત્રી તથા તરલિકાબેન અને બિપીનભાઈ કીકાણીના દોહિત્રી થાય. ચિ. નિશિતા શિક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાની મહેચ્છા ધરાવે છે...શુભેચ્છા સહ અભિનંદન.



## કુ. હેલી ઢેબર ધો. ૧૦

ચિ. હેલી ઢેબર ૨૦૧૩માં CBSE બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૦ની પરીક્ષામાં એ-૧ ગ્રેડ તથા 10 CGPA સાથે ઉત્તીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. તેણી વડોદરા સ્થિત કલ્પેશભાઈ તથા ભૈરવીબેન ઢેબરનાં પુત્રી થાય.



## કુ. નુપૂર બક્ષી – એમ.એસસી.

અમદાવાદ નિવાસી કુ. નુપૂર કંદર્પ બક્ષી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર માંથી એપ્રિલ ૨૦૧૩ માં લેવાયેલ એમ. એસસી.(બાયો ઈન્ફો મૅટીક્સ)ની પોસ્ટ ગ્રેજ્યુએટની પદવી ડિસ્ટીંકશન સાથે મેળવેલ છે. કુ. નુપૂર સ્વ. જનકભાઈ તથા સ્વ. હરસુતાબેન બક્ષીનાં પૌત્રી અને સ્વ. પ્રદ્યુમ્નભાઈ ભ્રગુલતાબેન ધોળકીયાના દોહિત્રી થાય.




## કુ. કિન્નરી વૈષ્ણવ – એમ. ઈ. (સીઈ)

રાજકોટ સ્થિત અ. સૌ. દર્શના અજય વૈષ્ણવનાં કુ. કિન્નરી પુત્રી એમ.ઈ. (કોમ્પ્યુટર)નાં છેલ્લા સેમેસ્ટરમાં ૧૦ માંથી ૯.૨ ગ્રેડ મેળવી ઉતીર્ણ થયાં છે. હાલ તેણી રાજકોટની વીવીપી એન્જીનીયરીંગ કોલેજમાં આઈટી વિભાગમાં આસી. પ્રોફેસર તરીકે કાર્યરત છે. ચિ. કિન્નરી જુનાગઢનાં હર્ષાબેન અશ્વનિકુમાર વૈષ્ણવનાં પૌત્રી અને લતાબેન અરવિંદભાઈ નાણાવટીનાં દોહિત્રી થાય.



## કુ. ત્વિષા માંકડ – બી.ઈ. (આઈટી)

કુ. ત્વિષા પિયૂષ માંકડે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા મે–૨૦૧૩માં લેવાયેલ બી. ઈ. સેમેસ્ટર–૮ (આઈ.ટી.)ની પરીક્ષામાં ૮૬% મેળવી એન્જીનીયરની પદવી મેળવી છે. ભરૂચ સ્થિત પિયુષ કિશોરકાન્ત માંકડ તથા સૌ. અર્ચના પી. માંકડનાં પુત્રી ચિ. ત્વિષા હાસ્ય લેખક શ્રી કિશોરભાઈ બી. માંકડ તથા સૌ વર્ષાબેન માંકડનાં પૌત્રી તથા શ્રી નાનુભાઈ મગનલાલ બુચ અને સૌ. રક્ષાબેન બુચનાં દોહિત્રી થાય. હાલમાં ત્વિષા જુ. સોફ્ટવેર ડેવલપર તરીકે અમદાવાદમાં નોકરી કરે છે.



## કુ. વ્યોમા વૈષ્ણવ – ડિપ્લોમા સી. ઇ.

રાજકોટ સ્થિત કુ. વ્યોમા વૈષ્ણવ ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર ઈજનેરી વિદ્યાશાખામાં સેમેસ્ટર–૬ માં ૯૦% માર્કસ સાથે ઉર્તીણ થયાં. કુ. વ્યોમા બકુલભાઈ – મીતાબેન વૈષ્ણવનાં પુત્રી, શ્રી નીલમભાઈ –સરલાબેનની પૌત્રી તથા શ્રી અરવિંદભાઈ તથા સ્વ. લતાબેન નાણાવટીનાં દોહિત્રી થાય.

## યશ ભારત મજમુદાર – બી. ઈ.

જુનાગઢ નિવાસી શ્રી ગૌતમરાય પી. મજમુદારના પૌત્ર તથા ડો. ટી.એ. નાણાવટી(ભાણવડ) ના દોહિત્ર ચિ. યશ ભારત મજમુદાર જીટીયુ દ્વારા લેવાયેલ આઠમા સેમેસ્ટરમાં ૮. ૩૧ સી.પી.આઈ. સાથે ઉર્તીણ થઈ બી. ઈ. (મીકે) ની પદવી મેળવી, રાજકોટ ખાતે જયોતી સી. એન. સી.માં જોડાયા છે.



## નિશાંક રક્ષેશ ઓઝા – બી.ઈ.

રાજકોટ સ્થિત રક્ષેશ ઓઝા તથા મોના ઓઝાના પુત્ર નિશાંક ઓઝા તાજેતરમાં જી ટીયુ દ્વારા લેવાયેલ બી. ઈ. (ઈ. સી.)ની પરીક્ષામાં ૯.૬ એસ પી આઈ સાથે ઉતીર્ણ થઈ એન્જીનીયર થયા. નિશાંક કેમ્પસ ઈન્ટરવ્યુમાં જ નાગપુરની A AKG Securitics Solutionsમાં પસંદગી પામી અમદાવાદ બ્રાન્ચ ખાતે ટેકનીકલ એન્ડ સેલ્સ એન્જીનીયર તરીકે જોડાયા. ચિ. નિશાંક સ્વ. જયેન્દ્રભાઈ તથા સ્વ. સરલાબેન ઓઝાના પૌત્ર અને શ્રી સુરેશભાઈ બુચ તથા પ્રતિભાબેન બુચના દોહીત્ર થાય.




## હર્ષ બક્ષી – બી.ઈ. (ઈસી)

હાલ ગાંધીનગર સ્થિત ડો. જયેશકુમાર અને મીનાબેન બક્ષીના સુપુત્ર હર્ષ બક્ષી બીઈ (ઈન્સ્ટુમેન્ટલ એન્ડ કન્ટ્રોલ) ફાઈનલ યરમાં જીટીયુમાં ૮૬% (ડીસ્ટીકશન) સાથે ઉર્તીણ થઈ એમ ટેક ની પ્રવેશ પરીક્ષા ઉર્તીણ કરી નિરમા યુનિવર્સિટીમાં એકટેક(કન્ટ્રોલ એન્ડ ઓટોમેશન)માં પ્રવેશ મેળવેલ છે.



## ઝંકૃતિ કિકાણી – ધો. ૧૨

વડોદરા નિવાસી ચિ. ઝંકૃતિ ગોપી દેવાંગ કિકાણીએ માર્ચ ૨૦૧૩માં લેવાયેલ ધો.૧૨ સાયન્સની પરીક્ષામાં ૯૫ પર્સન્ટાઈલ સાથે સફળતા મેળવી વિદ્યાનગર ખાતે જીસેટ એન્જિનીયરીંગમાં આઈટીમાં પ્રવેશ મેળવેલ છે. તેણી શ્રીમતી હેમાંગિનીબહેન યજ્ઞેશભાઈ કીકાણીનાં પૌત્રી, શ્રીમતી નીરુબહેન મહેશભાઈ બુચનાં દોહિત્રી થાય.



## ગાથા પોટા – ધો. ૧૨

રાજકોટનાં કુ. ગાથા સમીરભાઈ પોટા હાલમાં ધો. ૧૨(કોમર્સ)માં ૯૯.૫૧ પી. આર. સાથે શાળામાં દ્વિતીય ક્રમ પર ઉર્તીણ થયાં સાથે સી.એ.ની પ્રવેશ પરીક્ષા (એન્ટ્રન્સ એકઝામ) સી. પી. ટી.માં પણ ઉતીર્ણ થઈ પરીવારનું ગૌરવ વધારેલ છે. ચિ. ગાથા શિક્ષણ ઉપરાંત સંગીતમાં પણ પોતાનું કૌશલ્ય ધરાવે છે. પ્રગતિની શુભેચ્છા.



## ગ્રીષ્મા વૈશ્નવ – ધો. ૧૨

રાજકોટ સ્થિત કુ. ગ્રીષ્મા વૈષ્ણવે ધો. ૧૨ (સામાન્ય પ્રવાહ) માં ૯૯ પરસેન્ટાઈલ મેળવી કુટુંબ તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. કુ. ગ્રીષ્મા બકુલભાઈ તથા મીતાબેન વૈષ્ણવનાં પુત્રી, શ્રી નીલમભાઈ–સરલાબેનની પૌત્રી તથા શ્રી અરવિંદભાઈ તથા સ્વ. લતાબેન નાણાવટીનાં દોહિત્રી થાય.



## નિસર્ગ બુચ – ધો. ૧૦

આદીપુર સ્થિત નિસર્ગ બુચ ધો. ૧૦માં સેન્ટ્રલ બોર્ડમાં ૯.૨ સીજીપીએ મેળવી ઉતીર્ણ થયા છે. ચિ નિસર્ગ બુચ શ્રી સ્નેહલભાઈ તથા ઉષ્માબેન બુચનાં પુત્ર, શ્રી કશ્યપભાઈ તથા શ્રીમતી તરલિકાબેનનાં પૌત્ર અને સ્વ. અંશુમાનભાઈ તથા સંગીતાબેન ધોળકીયાના દોહિત્ર થાય.

## નૈસર્ગી જોશીપુરા – ધો. ૧૦ બોર્ડમાં છઠા સ્થાને



અમદાવાદનાં કુ. નૈસર્ગી ધવલભાઈ જોશીપુરા માર્ચ ૨૦૧૩ માં લેવાયેલ એસ. એસ. સી.ની પરીક્ષામાં ૯૩% માર્ક તથા ૯૯.૮૨% પીઆર સાથે સમગ્ર ગુજરાત બોર્ડમાં છઠ્ઠા સ્થાન સાથે જવલંત સફળતા મેળવી શાળા છે. કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ચિ. નૈસર્ગી અમદાવાદ સ્થિત શ્રીમતી ઉર્વીબેન તથા ધવલ જોશીપુરાનાં પુત્રી , સ્વ. કૌશીકરાય જોષીપુરા તથા પુષ્પમાલિકાબેનનાં પૌત્રી તથા સ્વ. માર્કન્ડરાય તથા કનકબેન વૈષ્ણવનાં દોહિત્રી થાય.

## જામનગર ખાતે યોજાઈ રસાકસી ભરી ચુંટણી

જામનગર વડનગરા નાગર જ્ઞાતિ સભા તથા શ્રી હાટેકશ્વર મહાદેવ સમીતીની કારોબારીની મુદત પુરી થતા ૨૦૧૩–૧૬ ના ત્રણ વર્ષ માટે ચુંટણી પ્રક્રિયા હાથ ભરવામાં આવેલ. જેમાં પ્રમુખ માટે ચાર માંથી ત્રણ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચતા પ્રમુખપદે શ્રી અશોકભાઈ બુચ બિનહરીફ ચુંટાયેલા જાહેર થયા હતા. ઉપપ્રમુખપદ માટે ત્રણ ઉમેદવાર હોતા ચુંટણી થયેલ અને શ્રી અજુભાઈ એમ વૈષ્ણવ બહુમતિથી ચુંટાઈ આવ્યા હતા. કારોબારીના નવ સભ્યો માટે ૧૭ ઉમેદવારો મેદાનમાં રહેતા લોકશાહીના જનરલ ઈલેકશન જેવા માહોલ માં ઘેર ઘેર અને એફ બી સહીત પ્રચાર યુધ્ધ સાથે તા. ૨૮–૭ ના રોજ બપોરના ચુંટણી થયેલ. જેમાં ૫૮૪ જ્ઞાતિજનોએ લાઈનમાં ઉભી મતદાન અધિકારનો ઉપયોગ કરી નીચેના નવ ઉમેદવારોને વિજેતા બનાવ્યા તા. જેમાં સર્વશ્રી ચિરાગ મુળવંતરાય બુચ, ભાવિક હેમપુષ્પભાઈ ધોળકીયા, ભોલાનાથ પ્રફુલ્લચંન્દ્ર રીંડાણી, આનંદ ગજેન્દ્રભાઈ બુચ, હીરેન જગદીશભાઈ માંકડ હરીશ સુખવંતરાય માંકડ, મુકેશ ભાસ્કરરાય અંતાણી અમીત પરશુરામભાઈ ઓઝા તથા કેયુર હેમેન્દ્રભાઈ રીંડાણીનો સમાવેશ થાય છે.

(આજના સમય સંજોગોમાં જ્ઞાતિ સંસ્થામા પણ કાર્યકરો સેવા માટે આગળ આવે અને જ્ઞાતિજનો પણ જાગરૂકતા સાથે મતદાન માટે સમય ફાળવે તે ધન્યવાદને પાત્ર છે. અમારું રાજકોટ આ બાબતે ઉદાસીન છે. વિભકત કુટુંબ થતાં આજે જ્ઞાતિ સંસ્થાઓ જ્ઞાતિ ટકાવવાનો આધાર સ્તંભ છે.જરા વિચારજો જ્યાં જ્ઞાતિ સંસ્થાઓ સક્રીય છે ત્યાં સંપ અને એકય જણાશે તેથી સમસ્યાઓ પણ ઓછી હશે.)

## રેલ્વેનો સૌથી પ્રતિષ્ઠિત સી.ઓ.એમ. એવોર્ડ મેળવતા જયેશ અંતાણી



તાજેતરમાં ઉજવાયેલા ૫૮માં રેલસપ્તાહને અનુલક્ષીને મુંબઈ (ચર્ચગેટ) ખાતેના ૫.રેલ્વેના વડા મથકે યોજાયેલા એક ગૌરવશાળી કાર્યક્રમમાં ભાવનગરના ચીફ કંટ્રોલર શ્રી જયેશ કુન્દનલાલ અંતાણીને રેલ્વે કર્મચારીઓ માટે ખુબ જ પ્રતિષ્ઠિત મનાતો સી.ઓ.એમ. એવોર્ડ મુખ્ય પ્રબંધક શ્રી ટંડનના હસ્તે એનાયત કરવામાં આવ્યો. અત્રે ઉલ્લેખનીય છે કે આ મહત્વનો એવોર્ડ શ્રી અંતાણીએ ટૂંકા સમયમાં બીજીવાર મેળવી તેમના વિભાગને ગૌરવ અપાવ્યું છે. જયેશભાઈ જૂની પેઢીના પોલીસ અધિકારી સ્વ. કુંદનભાઈ અંતાણીના પુત્ર અને ભુજના જ્ઞાતિગોર વેદમૂર્તિ શ્રી જીતુભાઈ વોરાના જમાઈ થાય છે.

## વત્સલ છાયા બી.ઈ.(મીકે.) શૈક્ષણિક હેતુથી ફ્રાંસ જશે

અમદાવાદના અહીંના ડો. કમલ જી. છાયા (પ્રિન્સીપાલ) અને લતીકા હાથી–છાયાના પુત્ર વત્સલ છાયાને ફ્રાંસની સ્ત્રેસબર્ગ યુનિવર્સિટી દ્વારા તા. ૨૫થી ૫/૯ સુધી યોજાનાર એનર્જી ફોર ઓલ વિષય પર યુરોપીયન સમર સ્કૂલમાં ભાગ લેવા આમંત્રણ મળેલ છે. ચિ. વત્સલ વિશ્વના તમામ દેશોમાંથી પસંદ થયેલા ૪૦ વિદ્યાર્થીઓ પૈકીના એકમાત્ર ભારતીય છે. તેઓ જુદા જુદા દેશોમાંથી આવેલા વૈજ્ઞાનિકો, ઉદ્યોગ સાહસિકો સાથે એન્જી. ક્ષેત્રે ઊર્જાની કટોકટીમાં શકય ઉકેલો તેમજ ઉચ્ચ કાર્યક્ષમતાવાળા એન્જીનની રચના વિશે પોતાના વિચારો રજૂ કરી ચર્ચામાં ભાગ લેશે.

તાજેતરમાં જ બી.ઈ. (મીકે.)માં ૮.૧૮ પીઆર સાથે ઉત્તીર્ણ થયેલ એન્જીનીયર વત્સલની ફ્રાંસની આ શૈક્ષણિક વિદેશ યાત્રા ઉજ્જવળ બની રહે તેવી શુભકામના સાથે અભિનંદન.

## અ. ભા. ના. પરિષદ, રાજકોટ – શૈક્ષણિક પારિતોષીક અંગેની યાદી

અ. ભા. ના. પરિષદની યાદી જણાવે છે કે સંસ્થા તરફથી સૌરાષ્ટ્ર માંથી જ વર્ષ–૨૦૧૩માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને નીચે પ્રમાણે શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે...

(૧) વર્ષ–૨૦૧૩માં ધો. ૧૨માં મેડીકલ/ એન્જીનીયરીંગમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને

(૨) વર્ષ–૨૦૧૩માં સી.એ./એમ.બી.એ. કોમ્પ્યુટર ડિગ્રી/ડિપ્લોમામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીને (બહેનોને પ્રથમ પસંદગી)

(૩) વર્ષ–૨૦૧૩માં અંગ્રેજી વિષય સાથે સ્નાતક તથા એન્જીનીયરીંગ ક્ષેત્રે સ્નાતક થયેલ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીને.

(૪) વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને વર્ષ–૨૦૧૩માં પેરામેડીકલ એટલે કે માઇક્રોબાયોલોજી, ડીએમએલટી, ફિઝીયોથેરાપી કરેલ વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીને.

ઉપરોક્ત પારિતોષીક માટેના ફોર્મ શ્રી જે. ટી. બક્ષી, એફએફ/૧૮ સદ્‌ગુરૂ કોમ્પલેક્ષ, રૈયા રોડ, રાજકોટ ખાતેથી મેળવી તા. ૩૦–૯–૧૩ સુધીમાં પરત કરવાના રહેશે.

વધુ માટે ફોન : ૨૪૫૮૧૯૪ મો. ૯૮૨૫૨ ૬૮૩૯૦

## માલવ માંકડ બી. ટેક



રાજકોટના જાણીતા પશુ ચિકીત્સક ડો. કૈશીકરાય માંકડના પૌત્ર અને શ્રી વિપુલ માંકડના પુત્ર માલવ માંકડ અત્રે GOLDMAN SACHS નામક અમેરીકન કંપનીમાં પસંદગી પામ્યા છે. માલવે વિરાણી શાળામાં શિક્ષણયાત્રા શરૂ કરી નિરમા યુનિવર્સિટી માંથી બી. ટેકનો અભ્યાસ કર્યો જેમાં કેમ્પસ માંથી 'કેપ નૈમીની' કંપનીમાં પસંદગી પામી ૨ાા વર્ષનો બહોળો અનુભવ મેળવ્યો, જેમાં ૬ માસ યુ એસ નો પણ સમાવેશ થાય છે. ત્યારબાદ એમબીએની કારકિર્દી બનાવવા પૂનાની જાણીતી Symbiosis instutute માં અભ્યાસરત છે. જયાંથી ૨૨૭ વિદ્યાર્થીઓમાંથી એકમાત્ર માલવની ઉપરોક્ત કંપનીમાં વરણી થયેલ છે. જ્ઞાતિ અને કુટુંબનું ગૌરવ વધારવા બદલ અભિનંદન.

## હાથી કુટુંબનો આંબો–વંશવૃક્ષ

મુ. જશવંતીબેન જેશંકર હાથી અને અજવાળીબેનનાં સૌથી નાના પુત્રી મુ. સુકન્યાબેન કપીલરાય માંકડ (ઉ.વ. ૯૦)ને હાથી કુટુંબનો આંબો બનાવવાનો વિચાર સ્ફૂર્યો. જે તેઓનાં પુત્રી ડો. પારૂલ માંકડ તથા ડો. યોગેશ હાથી–ઉમાકાન્તભાઈને આ કામ સોંપ્યું. જેઓ દરેકે દેશ વિદેશ વસતા સ્વજનોની પૂરી માહિતી એકત્ર કરી..સંકલિત કરી, મઠારી એક માસમાં મુદ્રણકાર્ય પૂરૂં કર્યું. આ વંશવૃક્ષની સાથે આ પરિવારજનોના ફોન નંબર,ઇમેઇલની ડીરેકટરી પણ તૈયાર કરી. જેમાં સુકન્યાબેને નોંધ મુકાવી..'આ નિઃશુલ્ક પણ અમૂલ્ય આંબાની કિંમતરૂપે સમસ્ત પરિવારજનોએ પોતાના પુત્ર, પ્રપૌત્ર,દોહિત્રાઓને પાસે બેસાડી હાથી કુટુંબના સ્વજનોનો પરિચય કરાવશો તો ટીમનો શ્રમ લેખે લાગશે.' સૌ આ આંબા–ડીરેકટરીનો ઉપયોગ કરી પરસ્પર સંપર્કમાં રહી આનંદ અનુભવે છે. આમ વડીલનું સપનું સાકાર થયું અને હાથી કુટુંબનો આંબો પૂર્ણ રૂપે મ્હોરી ઊઠયો.

## મંથન માંકડ ઓસમ સર્જી ફાર્મા પ્રા.લી.માં ચીફ એકઝીકયુટીવ તરીકે નિમાયા



રાજકોટના રહીશ શ્રી મંથન માંકડ રાજકોટની ઓસમ સર્જી ફાર્મા પ્રા.લી. માં સેલ્સ એન્ડ માર્કેટીંગના હેડ તરીકે નિયુકત થયા. કંપની નોવાજેન ફાર્માસ્યુટીકલ લી.ના ગુજરાત રાજ્યના બ્રાન્ડ રાઈટસ છેલ્લા પંદર વર્ષથી ધરાવે છે. શ્રી મંથન માંકડને જ્ઞાતિ  તબીબો તરફથી બહોળો પ્રતિસાદ મળી રહયો છે. એક ટૂંકી મુલાકાતમાં શ્રી મંથન માંકડે જણાવ્યું છે કે શ્રી ઓસમ સર્જી. ફાર્મા હાલ ફાર્માસ્યુટીકલ્સ તથા સર્જીકલ ડીસ્પોઝેબલ પ્રોડકટના આફ્રિકા તથા મીડલ ઈસ્ટ ના એકસ્પોર્ટ ક્ષેત્રમાં આગેકૂચ કરી રહી છે.



ટુંક સમયમાં કંપની ડોમેસ્ટીક માર્કેટમાં ઓર્થોપેડીક રીએબીલાઈઝેશન પ્રોડકટો લઈને આવી રહી છે. જેના માટે ફિલ્ડ સ્ટાફ માટે જ્ઞાતિના યુવક યુવતીને અગ્રીમતા આપવામાં આવશે. માહિતી માટે  : મો. ૯૮૨૪૨૧૩૦૧૩ નો સંપર્ક કરશો.

ઓસમ સર્જી–ફાર્મા પ્રા.લી. ના ચેરપર્સન શ્રી મોહીત બુચે શ્રી મંથન માંકડને શુભેચ્છાઓ તથા અભિનંદન પાઠવી તબીબોના સહકાર બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.***


## ABM TRAVELS

**Honeymoon tours :**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives//Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
Mountain Resort
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Wildlife Tours :**
Sasan Gir/Ranthanbore/Sarisca/Corbett/
Kaziranga/Kanha-Bandhavgarh/Madumalai
Bandipur/Coorg/Kabini
**Pilgrims :**
CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur
**Cruise tours :**
STAR cruise: MSC cruise
Royal Caribbean  : Coasta
**Booking of International destinations :**
SOTC  #  THOMAS COOK # COX & KING
STAR TOURS # NEEM Holidays # KESARI
**Avinash Mehta, Mumbai # 09820817318**
**abmtravels@gmail.com**


## શ્રદ્ધાંજલિ

અમારા વડીલ પૂ. મહેશપ્રસાદ જગદીશપ્રસાદ બુચ (ઉ.વ. ૮૭)નું વડોદરા ખાતે તા. ૯–૭–૧૩ ના રોજ અવસાન થયેલ છે.

પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતી આપે એ જ પ્રાર્થના.

શ્રીમતી દેવાંગીની બુચ
કુ. આરતી બુચ – કુ. મનીષા બુચ
નિગમકુમાર બુચ
સૌ. સ્મિતા દીપક વોરા –
સૌ. જાન્હવી શ્રેયસ મહેતા
સૌ. પ્રીતી હીતાર્થ વસાવડા

# સમાચાર સંચય

✂ **જૂનાગઢ :** ભવનાથ તળેટીમાં નિર્મિત થયેલ શ્રી નરસિંહધામની માહિતી બરછીના ગતાંકમાં પ્રસિધ્ધ થયેલ જેની તાજેતરમાં મળેલ બીજી યાદી અનુસાર નીચે મુજબના ટ્રસ્ટીઓની વરણી કરવામાં આવેલ છે. જેમાંથી કોઈનો પણ સંપર્ક કરી જ્ઞાતિજનો વિશેષ માહિતી મેળવી નિવાસ માટે આ જગ્યાનો લાભ લઈ શકે છે... ડો. મુકેશભાઈ ડી. વૈશ્નવ–મેનેજીંગ ટ્રસ્ટી–મો. ૯૪૨૭૭ ૩૩૦૨૧, ટ્રસ્ટીશ્રીઓ– જશુકાંત એન. વસાવડા–મો.૯૮૨૫૪ ૪૯૩૩૪, યોગીન્દ્ર ડી. નાણાવટી–મો. ૯૪૨૭૪ ૨૫૧૩૪, વિજયભાઈ એલ. કિકાણી –મો. ૯૮૨૪૯૪૯૩૧૧, ડો. મહેન્દ્રભાઈ ડી. નાણાવટી, મુકેશભાઈ જે. દેસાઈ મો. ૯૯૨૫૧૭૭૮૭૨, શૈલેષભાઈ જે. દેસાઈ–મો. ૯૪૨૯૫૧૪૫૪૪

✂ મુળ જુનાગઢના (હાલ–અમદાવાદ) સૌ. હંસાબેન તથા શ્રી રમેશભાઈ રામભાઈ બક્ષી, મુળ ઉનાના (હાલ જુનાગઢ) સૌ. સુધા તથા શ્રી મુનીન્દ્ર રમણીકભાઈ દેસાઈ મુળ જુનાગઢના (હાલ–વડોદરા) સૌ. ઉષા તથા શ્રી દીપક શાંતીરાય વૈષ્ણવ મુળ ભાવનગરના(હાલ વડોદરા) સૌ. વીણા તથા શ્રી મુકુલ નીરંજનભાઈ મહેતા અને મૂળ ગોંડલ (હાલ–અમદાવાદ) સૌ. મંજરી અને શ્રી દીપક બુચ તા ૩૧–૫ થી ૧૩–૬ ૨૦૧૩, વેસ્ટર્ન યુરોપના પ્રવાસે જઈ આવ્યા.

✂ રઘુવીર વસાવડા, સુભાષ–હરેશ વસાવડા બંધુ પરિવાર હરદ્વાર, ઋષિકેશ ના પ્રવાસે જઈ આવ્યા.

✂ બરછી પ્રતિનિધિ શ્રી મયુર દેસાઈ આયોજિત સ્વ. મોહમ્મદ રફીની પૂણ્ય તિથિ નિમિતે તેમણે ગાયેલ અવિસ્મરણીય ગીતોનો પ્રોજેકટર વીડિયો શો આઈએમએ હોલ ગાંધીધામ ખાતે યોજાઈ ગયો. સંગીત રસીકોએ કાર્યક્રમને મન ભરીને માણ્યો.

✂ કુ. જાગૃતિ છાયા તથા સૌ. જુલીબેન રાજેશભાઈ ખારોડ "શ્રી સમસ્ત નાગર વિદ્યોતેજક મંડળ" માં ટ્રસ્ટી મંડળમાં જોડાયાં. અભિનંદન.

✂ " શ્રી સમસ્ત નાગર વિદ્યોતેજક મંડળ જુનાગઢના ઉપક્રમે શૈક્ષણિક પારિતોષીક અર્પણ કાર્યક્રમ સફળતાપૂર્વક જ્ઞાતિજનોની બહોળી હાજરીમાં યોજાઈ ગયો. ગુજરાત સમાચારના કટાર લેખક શ્રી ભવેન કચ્છીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં ડો. શ્રી ઉર્વીશ વસાવડાને ઉશનસ એવોર્ડ માટે, શ્રી પ્રફુલ્લ નાણાવટીને અમૃત ઘાયલ એવોર્ડ માટે, શ્રી મૃણ્મય સુરેશચંન્દ્ર બુચને આઈ.બી. (ઈન્ટેલીજેન્સ બ્યુરો) માં વર્ગ–૨ અધિકારી તરીકે નિમણુંક માટે અને શ્રી જલ્પેશ સાગર મહેતાને સી. એ.ની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં નવમું સ્થાન મેળવવા બદલ બહુમાન કરવામાં આવેલ.

✂ પૂર્ણેન્દુભાઈ કે છાયા, હીમાશું કે માંકડ સપરીવાર વૈશ્નવદેવી અમૃતસર સમલાના પ્રવાસે જઈ આવ્યા.

✂ જીતેન્દ્રભાઈ ઝાલા પરીવાર તથા જામનગરના નયનભાઈ છાયા આંદામાનના પ્રવાસે જઈ આવ્યા. ત્યાંની જાણકારી માટે સંપર્ક:– ૯૮૨૪૨૪૧૧૭૦

✂ **રાજકોટ :** શ્રી સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટની યાદી જણાવે છે કે જ્ઞાતિના રાજકોટના સ્થાનિક વિદ્યાર્થીઓને દર વર્ષ મુજબ પારિતોષીક આપવામાં આવનાર છે. લોઅર કે.જી. થી ધો. ૯ સુધી ૮૦% ધો. ૧૦– ધો.૧૨ માં એ કે એ–૧ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને તેમજ માનસિક ક્ષતિ ધરાવતા દરેક વિદ્યાર્થીઓને (ટકાબાધ વગર) પોતાના નામ સરનામા ફોન નંબર સાથે માર્કશીટની ઝેરોક્ષ શ્રી એચ. કે. મારૂ 'ભકિત' ૫૧ એસ્ટ્રોન સોસાયટી,ફોન : ૨૫૮૪૮૫૨, શ્રી એન. જે. વૈદ્ય, 'કૃતિ' ૧૧ સુભાષનગર ફોન : ૨૪૭૩૬૮૨, શ્રી એમ. એમ. વોરા મંદાર ૫, વૈશાલીનગર ફોન :

૨૪૫૨૪૯૨ અથવા શ્રીમતી કામિનીબેન ઝાલા, કર્મયોગ, રિધ્ધિસિધ્ધિ પાર્ક, રૈયા રોડ, રાજકોટને તા. ૧૫/૯/૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

- અત્રેના શ્રી દેવાંગ પી. માંકડ (ચેરમેન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ) તથા શ્રીમતી પ્રિતીબેન માંકડનાં પુત્રી ઉન્નતી માંકડ ધો. ૧૦ની પરીક્ષામાં ૯૯.૬૬ પી.આર. સાથે ઉત્તીર્ણ થયાં.
- મે–માસના અંકમાં કેવલ વસાવડા બી.ટેક. બાદ એમ.બી.એ. થયાના સમાચારમાં શાબ્દિક ભૂલ રહી ગયેલ જે..કેવલ સ્વ. કૌશલ્યાબેન ધનસુખરાય વસાવડાના પૌત્ર થાય તેમ વાંચશો. દરગુજર..
- રાજકોટના તેજસ ધનંજયભાઈ દેસાઈના લગ્ન ભાવનગર સ્થિત કૃતિ સંજયભાઈ દેસાઈ સાથે.
- શ્રી હાટકેશ્વર પાટોત્સવ સમિતિના ઉપક્રમે ચાલુ વર્ષે પણ નવરાત્રી ઘટ સ્થાપન કરવામાં આવનાર છે. યજમાન બનવા, આરતી, પ્રસાદ વિશેષ માહિતી માટે શ્રી મધુકરભાઈ વૈષ્ણવ, શ્રી મનહરભાઈ વૈષ્ણવ, શ્રી જે.ટી.બક્ષી અથવા ચેતન છાયાનો સંપર્ક કરવો.
- સૌરાષ્ટ્રના સાંઈ સાહિત્યના વાચકભકતોની ખોટ પૂરી કરવા અત્રેના વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા સાંઈભકત શ્રી કિરીટ કે. અંતાણીએ ધારાધોરણ મુજબ મંજૂરી મેળવી 'સાંઈ અર્ચના' નામક માસિક સામાયિક શરૂ કરેલ છે. બાબાના પ્રસાર અર્થે શરૂ કરવામાં આવેલ આ સામાયિકનું લવાજમ મરજીયાત રાખવામાં આવેલ છે અન્ય માહિતી, અંક મેળવવા તથા બાબા સાથે જોડાયેલ વાતો, અનુભવના લેખ અન્ય સાહિત્ય મોકલવા તેમનો સંપર્ક કરી શકો છો...મો. ૯૮૨૫૭૫૫૪૬૫
- **ગોંડલ :–** અત્રેના શ્રી વિષ્ણુ નંદા અવાશીયા પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી મોંઘીબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલની એસ. એસ. સી., એચ. એસ. સી.માં પ્રથમ ત્રણ આવતી વિદ્યાર્થીનીઓને પારિતોષીકો આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૩ના કુલ ૯ બાળાઓને ગુરૂપૂર્ણિમાના અવસરે ટ્રસ્ટના શ્રી અવાશીયા કુ. નીલાબેન અવાશીયાના હસ્તે પારિતોષીક એનાયત કરવામાં આવ્યાં.
- સ્ટેશન પ્લોટ શેરી નં. ૬ ઉપર વિ. નં. ટ્રસ્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ ભકત કવિ નરસિંહ મહેતાની પ્રતિમાને જય ઈલેકટ્રીકલ્સ દ્વારા નિઃશુલ્કે લાઈટ સીરીઝથી ઝળહળીત કરી મહેતાજી પ્રત્યે અહોભાવ વ્યકત કર્યો.
- **જામનગર :** શ્રી ભાવિન આચાર્ય અત્રેની દિગ્જામ લી.માં ડીજીએમ તરીકે નિમાયા.
- શ્રી જ્વાળામુખી માતાજી મંદિર સમિતિની યાદી જણાવે છે કે તા. ૫/૧૦/૧૩થી શરૂ થતાં નવરાત્રિ નિમિત્તે નવ દિવસના ચંડીપાઠ કરાવવા ઈચ્છુકોએ તા. ૨૫/૯/૧૩ સુધીમાં શ્રી વી. આઈ. માંકડ, ૯ ગાયત્રી સોસાયટી પંડિત નહેરૂ માર્ગ જામનગરને રૂા. ૬૫૧/– માત્ર ડી.ડી અથવા ચેક એટ પારથી મોકલી આપવા વિનંતી છે.
- અમરેલી નિવાસી નીરદ વત્સલકુમાર વછરાજાની અત્રે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં સિનિયર મેનેજર (ઇલે.) તરીકે જોડાયા.
- **જામખંભાળીયા :–** હિતેષકુમાર કે. છાયા દેનાબેંકની નવી શાખા શરૂ થતાં મેનેજર તરીકે નિમાયા.
- શ્રી હર્ષદભાઈ ઢેબરે એસબીઆઈમાં આઈઆરએલ પેન્શનરો માટે હયાતીની કામગીરી સુંદર રીતે બજાવી.
- અત્રેના વયોવૃધ્ધ વડીલ શ્રી રમણચંન્દ્ર માંકડે વર્ષોથી ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન કરતાં તેઓનું ગાયત્રી પરીવાર હરદ્વાર દ્વારા વેદના પુસ્તક તથા ગાયત્રી ઉપરણો ઓઢાડી વિશેષ બહુમાન કરાયું.

- **અમદાવાદ :–** કચ્છના ટ્રસ્ટ માતુશ્રી મંજુલાબેન તથા શ્રી લક્ષ્મીલાલ વી. માંકડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ ખાતે જીવનસંધ્યા (વૃધ્ધાશ્રમ) ખાતે નિઃશુલ્ક હોમેયોપેથી નિદાન તથા સારવાર કેમ્પ નો ૭૦ થી વધારે વડીલોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં અમદાવાદના જાણીતા હોમીયોપેથીક ડો. પાર્થ માંકડ , ડો ગ્રીવા માંકડ તથા તેમની ૧૮ ડોકટર્સની ટીમે માનદ્ સેવા આપી હતી.
- શ્રી દિનેશભાઈ તથા રંજનબેન માંકડ સપરિવાર યુરોપના આઠ દેશોમાં પ્રવાસે જઈ આવ્યા.
- કુ. મુગ્ધા ઋષીકેશ દેસાઈ વી ટીવી પર દરરોજ સાંજે છ વાગ્યે પ્રસારીત થતા ફિલ્મી ટાઈમ કાર્યક્રમમાં એન્કર તરીકે જોડાયાં. કાર્યક્રમ અંતર્ગત જાણીતા કલાકારોના ઈન્ટરવ્યુ પણ લીધા.
- **વડોદરા :–** શ્રી પંકજ રોમેશચંન્દ્ર જોષીપુરાનાં પુત્રી કુ. ચિનારે સી. એ. ની પદવી મેળવી જ્યારે પુત્ર રોહન એસ.એસ . સીમાં ૭૫% સાથે ઉતીર્ણ.
- અત્રેના હરી આનંદ ટ્રસ્ટથી બરછીના વાચકો પરિચીત છે..હરી આનંદ ટ્રસ્ટ અને તેની પ્રવૃત્તિઓ ની માહિતી વિશાળ વર્ગને સરળતાથી મળી શકે તે હેતુ ધ્યાનમાં રાખીને આજના ઇ–વર્લ્ડ સાથે કદમ મિલાવતાં ટ્રસ્ટે પોતાની વેબસાઈટ www.harianandtrust.org શરૂ કરી છે. માહિતગાર થવા સાઈટની મુલાકાત લેવા વિનંતી... ટ્રસ્ટને અનુરૂપ અને અનુકૂળ આકર્ષક આ વેબસાઇટ રાજકોટના શ્રી અંકુર ધોળકિયાએ તૈયાર કરી છે અને તે માટેનું માર્ગદર્શન શ્રીમતી ઈશા રચીત માંકડે પૂરૂં પાડયું છે.
- **ભાવનગર :–** ધી ઈન્સ્ટી. ઓફ ચાર્ટડ એકા. દિલ્હી દ્વારા આયોજિત સી. એ. અભ્યાસક્રમમાં મહત્વની એક માસની આઈ ટી તાલીમ પ્રતીક જયેશભાઈ અંતાણીએ સફળતાપૂર્વક સંપન્ન કરી.
- ભારતનાં પ્રથમ હરોળનાં ગુજરાતી સાપ્તાહિક 'ચિત્રલેખા'ના તંત્રીશ્રી અને વરિષ્ઠ પત્રકાર–લેખકોએ સંવાદ મિલનનું આયોજન કરતાં તેમાં ત્રણ દાયકાથી 'ચિત્રલેખા'ના ચાહક વાચક અને આલોચક શ્રી જયેશ અંતાણીને વિશેષ આમંત્રિત કરવામાં આવ્યા હતા અને ચિત્રલેખામાં પ્રગટ થયેલ આ કાર્યક્રમના અહેવાલમાં પણ તેની નોંધ લેવામાં આવી.તાજેતરમાં જ તેઓએ 'ફૂલછાબ' દૈનિક માં લોકચર્ચા વિભાગમાં શ્રેષ્ઠ પત્ર માટે પારિતોષીક મેળવતાં બહુમાન સાથે એનાયત થયું
- **અંજાર :–** શ્રી મનોજ ભુવનેશભાઈ છાયા (પ્રા. આર.આર. લાલન કોલેજ) કચ્છ યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે વર્ષ ૨૦૧૩–૧૮ માટે બીન હરીફ ચૂંટાયા.
- ઉદય ભુવનેશભાઈ છાયા કચ્છ યુનિવર્સિટીના દ્વારા લેવાયેલ એસ વાય એલ. એલબી.ના ચોથા સેમેસ્ટરની પરીક્ષા ૬૬% સાથે કોલેજમાં પાંચમા તથા યુનિવર્સિટીમાં નવમા સ્થાન સાથે ઉતીર્ણ થયા.
- **મુંબઈ :–** મે–જૂન ૨૦૧૩માં જન્મભૂમિ અખબાર દ્વારા યોજાયેલ સ્પર્ધા 'ઝાંખી હિન્દુસ્તાન કી' માં જાહેર થયેલા ૬૬ વિજેતાઓમાં શ્રી કિરીટ વૈષ્ણવે ૭મું સ્થાન મેળવી ઈનામ મેળવ્યું.

## ---------- : સગપણ–સગાઈ : ----------

– જુનાગઢ સ્થિત નીરજા ભૂષણ મજમુદારનું સગપણ મુંબઈ સ્થિત નિશ્ચલ વિનય રાણા સાથે.

– અમદાવદ સ્થિત શ્રીમતી ભકિતબેન પૂર્ણેન્દુભાઈ છાયાના પુત્ર અંકીતનું સગપણ ભરૂચ સ્થિત શ્રીમતી આશાબેન યજ્ઞેશભાઈ બુચના પુત્રી હીતાર્થી સાથે.

– મુંબઈ સ્થિત શ્રીમતી પ્રાપ્તિ નૈષધ બુચના પુત્ર ક્ષિતિજનું સગપણ મુંબઈ સ્થિત શ્રીમતી કૃપા દુર્ગેશ મહેતાના પુત્રી ક્ષિતી સાથે.

– વીરનગર સ્થિત ફોરમ મુકેશભાઈ બુચનું સગપણ ભુજના અનિરૂધ્ધભાઈ છાયાના પુત્ર મંથન સાથે.

– જૂનાગઢ સ્થિત નેહા દિનેશભાઈ જોષીપુરાનું સગપણ જૂનાગઢ સ્થિત પ્રતિક પ્રફુલભાઈ મહેતા સાથે.

# --- લગ્ન વિષયક જાહેરાત ---

**આ વર્ષથી બરછી સાથે જોડાયેલ નવા ગ્રાહકોને આ કોલમના ઉપયોગ બાબત જણાવવાનું કે :** રાત્રે ૮ થી ૯ દરમ્યાન કાગળ પેન તૈયાર રાખી ફોન : ૦૨૮૧– ૨૪૫૩૦૬૩ ઉપર (રવિવાર અને મુખ્ય તહેવારોની રજા સિવાય) ફોન કરવાથી આપને જે ક્રમનંબરના પાત્ર માટે ફોન નંબર જોઈતા હોય તેનો ક્રમ નંબર કહેવાથી તે ફોન/મો. નંબર આપવામાં આવશે. ત્યારબાદ આપે સીધો સંપર્ક કરી પૂરી માહિતી મેળવી આગળ વધવાનું રહેશે. બરછીના ગ્રાહકો તેમના સંતાન માટે વિના મૂલ્યે જાહેરાત આપી શકે છે અને માહિતી મેળવી શકે છે. વિગત લેખિતમાં કાર્યાલયે મોકલવાની રહે છે. –તંત્રી

(૧) એમએસસી જ. ૯/૯૦ (હળવો મંગળ છે) કન્યાને યુવક સંપર્ક:– ૦૨૮૮ –

(૨) બી.કોમ. કોમ્પ્યુટર(ટેલી કોર્ષ) જ. ૮/૮૧ છુટાછેડા થયેલ કન્યાને યુવક.

(૩) બી. કોમ., જ. ૧૦/૧૯૮૪, ઉં. ૫'.૩", પ્રોજેકટ એકઝી. તરીકે ફાઇનાન્સ કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૫–

(૪) બીસીએ જ . ૧૨/૧૯૮૧ બી.પી.ઓ. કંપનીમાં નોકરી કરતા યુવક (જન્મથી બોલવામાં થોડી તકલીફ) ને કન્યા. સંપર્ક:– ૦૨૬૫ –

(૫) બીબીએ., એમબીએ, જ. ૭/ ૧૯૮૭ ઉં. ૫'.૭" એસબીઆઈમાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતી કન્યાને યુવક સંપર્ક:– મો.

(૬) એમ.એસ.સી.(ફૂડ–ન્યુટ્રી.) જ. ૧/૧૯૮૭, ઉં. ૫'.૪"ની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧–

(૭) બી.કોમ.,આઈટીઆઈ., ૧૦/૧૯૮૦, ઉં. ૫'.૬" કેરીઅર કંપનીમાં કાયમી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧–

(૮) એમ.ડી. (ચાલુ) જ. ૬/૧૯૮૭, ઉં. ૫'.૯"ના યુવકને ડોકટર/એન્જી. કન્યા. સંપર્ક :

(૯) બીએચએમએસ, એમબીએ (માર્કે) જ.૧/ ૧૯૮૫ , ઉં. ૫'૫" નોકરી કરતી કન્યાને યુવક સંપર્ક:– ૦૨૬૫ –

(૧૦) એમ.એ. (ઈંગ્લીશ) જ. તા. ૪/૧૯૮૭ ઉં. ૫'૨"ની સરકારી નોકરી કરતી કન્યાને સંપર્ક:– મો.

(૧૧) બી.કોમ. જ. ૧૧/૧૯૮૦ પ્રા. નોકરી કરતા છુટાછેડા થયેલા યુવકને કન્યા. સંપર્ક:– મો.

(૧૨) ફિઝીયોથેરાપીસ્ટ જ. ૧૧/૧૯૮૮ ઉં. ૫'૮" વ્યવસાય કરતી કન્યાને યુવક સંપર્ક:– ૦૭૯

(૧૩) એમબીએ જ. ૬ /૧૯૮૭ ઉં. ૬'૨" , પુના ખાતે નોકરી કરતા યુવકને કન્યા સંપર્ક:– ૦૭૯

(૧૪) બી. ટેક.(ઈલે.) જ. ૨/૧૯૮૭ ઉં. ૫'૪" એલએન્ડ ટી કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા સંપર્ક:– ૦૭૯ –

(૧૫) એમસીએ,જ. ૧૦/૧૯૮૮ ઉં. ૫'૪" વીઝીટીંગ ફેકલ્ટી તરીકે નોકરી કરતી(સાદો મંગળ) કન્યાને યુવક, સંપર્ક:– ૦૨૭૮ મો.

(૧૬) સી.એ., સી.એસ.,જ. ૩/૧૯૮૫, ઉં. ૬'ના વોડાફોનમાં નોકરી કરતા માંગલિક(મંગળ છે.) યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯–

## જીવનસાથી જોઈએ છે :

ગત અંકમાં જાહેર કર્યા મુજબ મોટી વય-વિધવા/વિધૂર માટેની જીવનસાથી જાહેરાત અંતર્ગત નીચેના પાત્રો ઈચ્છુક છે. સામે ઈચ્છુકોએ નામ અને ફોન નંબર જણાવી કાર્યાલયમાં ફોન કરવાથી વિશેષ વીગત આપવામાં આવશે. આ માહિતી મેળવ્યા બાદ પોતાની રીતે સંપર્ક કરી આગળ વધવાનું રહેશે.

(૧) ૪૬ વર્ષ – નિઃસંતાન સરકારી નોકરી–વેલસેટલ્ડ વિધૂર યુવકને જીવનસાથી

(૨) ૫૯ વર્ષ – નિઃસંતાન ઉચ્ચ નોકરી–વેલસેટલ્ડ વિધૂર યુવકને જીવનસાથી

(૩) જ. ૧૧/૧૯૭૧ ધો. ૧૨ પછી કોમ્પ્યુટર કોર્ષ, મુંબઈ ખાતે સોફટવેર કંપનીમાં કાયમી નોકરી કરતા યુવકને યુવતી.

### આચમન

જૂની રંગભૂમિથી પરિચીત વડીલોને તેનાં યાદગાર ગીતોનો પણ ખ્યાલ હશે..જે અર્થ સભર, સંવેદક હતાં..૧૫ ઓગષ્ટના સંદર્ભમાં શહીદોને સલામ સાથે વાંચો..યથાવકાશે ભરતભાઈ દ્વારા મમળાવશું...

પારેવડાં જાજે વીરાના દેશમાં

*આટલું કહેજે સંદેશમાં.........પારેવડાં*

*વીરો સીધાવ્યો માતૃભૂમિને વારણે*

*કોઈ પ્રેમ હિણા પ્રદેશમાં.....પારેવડાં*

*કહેજે બેનડી એ લીધી છે બાધા*

*રહેવું છે બાળા વેશમાં.......પારેવડાં*

*ભાભી તારા પુષ્પ થકી આરતી ઉતારે*

*વેણી નથી બાંધતી કેશમાં.....પારેવડાં*

*ભારતમાતાનું નામ વીર તે દીપાવ્યું*

*જાજું શું કહેવું ઉપદેશમાં...પારેવડાં*

સંકલન : ભરતભાઈ મહેતા, રાજકોટ.

### પરીક્ષાના પરિણામ : (છેલ્લાં)

**સી.એ. (ફા.)**

સૌમિલ પ્રણવ મહેતા મુંબઈ

ઈન્ટરમીડી.સી.એ.કુ. હીરલ યોગેશ મહેતા વડોદરા

**એમ. એસસી. (સેમે–૨)**

પ્રતીક બંકીમભાઈ ધોળકીયા ૭૧% રાજકોટ

**બી.એસસી.(આઇટી)**

| | | |
|---|---|---|
| કુ. શુભા અમીષ વસાવડા | ૮૩% | રાજકોટ |
| કુ. કૈરવી દુર્ગેશ વૈશ્નવ | ૮૯% | રાજકોટ |
| સૌરભ હિતેન ઘોડા | ૭૪% | રાજકોટ |

**બી.કોમ.** કુ. રાજવી કશ્યપ દેસાઈ ભાવનગર

**બી.એડ.**

| | | |
|---|---|---|
| ભાવાંક બુચ | ૭૪% | અમદાવાદ |

**એમબીબીએસ.**

| | | |
|---|---|---|
| સન્નિધી ચિરાગ દિવાન | ૭૦% | અમદાવાદ |

**ધો. ૧૦**

| | | |
|---|---|---|
| ધરતી વસાવડા | ૮૦% | જૂનાગઢ |

**ધો. ૧૨**

| | | |
|---|---|---|
| ધ્યાના એચ. બક્ષી | ૯૧%(ISC) | અમદાવાદ |

### અનંતના યાત્રીઓ :

શાસ્ત્રોકત વિધિવિધાનના જ્ઞાતા, અસંખ્ય સારા માઠા પ્રસંગોમાં નિર્લેપભાવથી સંન્નિષ્ઠ સેવા આપનાર જ્ઞાતિગોર મુ. રમેશભાઈ આચાર્યનું રાજકોટ ખાતે દેહાવસાન થતાં જ્ઞાતિને વિદ્વાન આચાર્યની ખોટ પડી. ભ્રાન્તાબેન પરમસુખરાય (પુંજાભાઈ) વૈશ્નવનું ૯૯ વર્ષ ૮ માસની વયે જુનાગઢ ખાતે અવસાન – યોગેશભાઈ જયેન્દ્રલાલ ધોળકીયા– જુનાગઢ, – પ્રફુલલભાઈ કૃષ્ણલાલ વૈશ્નવ જુનાગઢ ખાતે. કમળકાંત રૂદ્રપ્રસાદ મંકોડીનું –૯૩ વર્ષ મુંબઈ – કુમુદલાલ મોહનલાલ દેસાઈ(ચક્ષુદાતા) ૯૨ વર્ષ– અમદાવાદ ખાતે – શ્રી મહેશપ્રસાદ જગદીશપ્રસાદ બુચ –૮૦ વર્ષ વડોદરા – વિષ્ણુપ્રસાદ ચંદ્રશંકર રીંડાણી–૯૦ વર્ષ(ચક્ષુદાતા) રાજકોટ. પ્રકાશભાઈ ગુણવંતરાય બક્ષીનું–૬૯ વર્ષ–મુંબઈ ખાતે. – જસુમતિબેન હર્ષદરાય બુચ–૮૩ વર્ષ–મુંબઈ ખાતે.– અ. સૌ. દિવ્યાબેન વિપીનભાઈ છાયાનું ૭૮ વર્ષની વયે જામનગર ખાતે અવસાન થયું તેઓ જામનગર ખાતેના બરછીના સંન્નિષ્ઠ પ્રતિનિધી શ્રી પ્રવિણભાઈ બુચનાં મોટાં બેન થાય.દિવંગતોના આત્માની શાંતિ પ્રાર્થીએ.

# જાગનાથ હોલીકા ઉત્સવ – સંસ્મરણ

જામનગર સ્થિત ૮૩ વર્ષના વડીલ શ્રી વિપીનભાઈ છાયા– વિપીનકાકા જેઓ દાયકાઓ સુધી રાજકોટ ખાતે હોળીચોક પહેલાંના જાગનાથ પ્લોટમાં રહયા, ૬ દાયકા પહેલાં ચાલતી હાટકેશ વ્યાયામ શાળાના સક્રીય સભ્ય હતા.. તે સમયના હોળી ઉત્સવના પણ જૂના સાક્ષીરૂપ બની લખી રહયા છે...

ભાઈ ભદ્રાયુ વછરાજાનીનો (મે–૧૩માં) લેખ વાંચી આનંદ થયો, લખવાની ટેવ ઓછી છતાં તેમના સમય પહેલાંના સંસ્મરણો યાદ કરી લખી આનંદ વ્યકત કરવાનું મન થયું...

જાગનાથ હોલીકા ઉત્સવ માટે થોડું વધારે કહું કે પીપળાના વૃક્ષના મૂળીયાં ઘણાં ઊંડા હોય છે, અને તે વૃક્ષ આપમેળે ઊગતું હોય છે તેવો ખ્યાલ છે એટલે આ હોળીની મૂળ શરુઆત યાદ છે ત્યાં સુધી મુ. બાળકભાઈ છાયા, હરભાઈ ધોળકિયા, ચંદનભાઈ ધોળકીયા, ઘનશ્યામભાઈ રીંડાણીએ કરેલી ત્યાર પછી અમે યુવાવર્ગ હું સન્મુખ છાયા, શરદભાઈ ઢેબર કાર્ય કરતા થયા–એ જમાનો હતો કે અમે નોટબુક લઈ જાગનાથ પ્લોટમાં ઘેરઘેર જઈ ફાળો ઉઘરાવતા ત્યારે ૨૫ પૈસા કે ૫૦ પૈસા એ મોટો ફાળો ગણાતો. ૫૦ પૈસાના ૧૦૦ છાણા એવા ૧૦૦૦ છાણા લેતા અને લાતીવાળાને વાતોએ વળગાડી લાકડાની ગાંઠ ચોરી લેતા એ સમય ખેલદીલીવાળો હતો તે સમયે ત્યાં મારામારી કે ઝઘડો થતો નહી પરંતુ તે સામેથી લાકડાં આપતા. તેમ ગવલીવાડમાંથી છાણારૂપી ફાળો મળતો. એ સમયે કેટલી ઊંચી હોળી ગોઠવી પ્રગટાવી એવું ન હોતું કે દેખાદેખી ન હતી. પરંતુ હોળીનો મૂળ હેતુ ધાર્મિક ઉત્સવ તેમજ તેમાં રાખવામાં આવતી લાઠીપરની ઘરી પરથી વર્ષનું ચોમાસુ કેવું જશે એ પવનની દીશા પરથી અનુમાન થતું. હોળી ગોઠવ્યા પહેલાં નાનકડો ખાડો ખોદી તેમાં માટલીમાં ઘઉં, ચણા એમ ઘુઘરી હોળીના તાપમાં બફાઈ જતી અને તે સવારના કાઢી ફાળો આપનારને ઘેર પ્રસાદી પહોંચાડતા.

બીજું એ જમાનામાં હોળી પ્રગટી ગઈ હોય તેમાંથી સળગતું છાણું લઈને હોળી પ્રગટાવતા આ બાબતે જરા મનદુઃખનના પ્રસંગ બનતા પરંતુ મુળ જાગનાથ મંદીરની હોળી પ્રગટયા પછી તેમાંથી સળગતું છાણું લઈ આપણી જાગનાથ પ્લોટની હોળી પ્રગટતી અને ભીલવાસમાં છાણું ચોરવા ધ્યાન બહારથી લઈ જતા. તેમાં પણ એક આનંદ હતો. અત્યારે છાણા ને ઘાસના પૂળા મુકી મુહૂર્ત પ્રમાણે દીવાસળીથી હોળી પેટાવવમાં આવે છે. દેખાદેખીના સમયમાં કોની મોટીને શણગારેલી હોળી તે વખત આવ્યો છે અને છાપામાં પણ તે પ્રમાણે પ્રસિધ્ધિ પામે.અત્યારે વિપુલભાઈ માંકડે જણાવ્યું તેમ મોંઘવારી માં છાણા લાકડા મોંઘા થયા તેમ મેનપાવરની પણ ખોટ છતાં પ્રણાલિકા મુજબ બધું થઈ જાય છે અને જાળવી રાખ્યુ છે તે આનંદની વાત છે. ભરૂચનાં શ્રીમતી વી.એ. ધોળકિયાનું રીંગસેરેમનીનું મંતવ્ય સચોટ ગણાય. સમય પ્રમાણે સુધારો આવકાર્ય છે પણ મૂળ હેતુ ભૂલતા જઈએ છીએ તે દુઃખદ ગણાય.

---

**નોંધ :** ગત માસમાં જાહેર કર્યા મુજબ આ અંકથી જ બરછીનુ પ્રકાશન (પોસ્ટીંગ) દર માસની ૩૦ તારીખના થશે. (૩ તા. પછી રૂબરૂ મેળવશો) તેથી સમાચારો,લ. વિ. જાહેરાતો મોડામાં મોડા ૧૮ સુધીમાં મળી જાય તેમ મોકલી આપવા વિ. આ માસમાં ૨૦ પાના સાથે વધારેમાં વધારે સમાવેલ છે છતાં બાકી રહેલ 'મેટર' આવતા અંકમાં સમાવિષ્ટ થશે. ઇ મેઇલથી મોકલેલ સમાચાર પ્રસિધ્ધ ન થયા હોય તો જાણ કરશો/ હાર્ડકોપી (લેખીત) મોકલી આપશો. પ્રતિનિધીઓ દ્વારા બાકી રહેલ ગ્રાહકોના નામ વહેલા સર ફોનથી જણાવતા રહેવા વિ. વહેલા તે પહેલાના ધોરણે અંક મોકલવામાં આવશે.

સાભાર નોંધ લેવી ઘટે કે બરછીના ૫૦મા વર્ષમાં પ્રવેશની આકર્ષક લોગો ડીઝાઈન પણ રાજકોટના કલાજીવ શ્રી વિરલ વૈશ્નવે જ તૈયાર કરી આપેલ છે... –તંત્રી.

# કંકુના થાપા – દીકરીનું સ્મૃતિ ચિન્હ

– શ્રીમતી કૌમુદી ડી. મુનશી, અમદાવાદ.

સમાજમાં દરેક જ્ઞાતિના રીત રિવાજ પ્રસંગાનુસાર સારા કે માઠા સદીઓથી પ્રસ્થાપિત થયેલા છે. આપણા શાસ્ત્રોને તેને કારણે આપણા પૂર્વજોએ સમાજમાં વહેતા મુકયા છે. કોઈપણ મંગલ પ્રસંગ રીત રિવાજ સાથે એક મહાઉત્સવ બની રહે છે. આવી જ્ઞાતિ અનુસારની પ્રથા પાછળ બહુ જ શુભ હેતુ વણાયેલો છે. એક તો કૌટુંબીક હૂંફાળા સ્પંદનો અને દરેક કુટુંબીજનથી માંડીને મિત્રો–પડોશીઓની પરસ્પર લાગણીનો આવિર્ભાવ છે આ સંવેદના બહુ ગૂઢ છે. નાની નવચંડીની વિધિથી માંડી યજ્ઞોપવિત, ચૌલ વિધિ, ને છેલ્લે આવે લગ્ન વિધિ. નવાઈની વાત એ છે કે આજના ફાસ્ટટ્રેક કે ઈન્ટરનેટના વિકાસશીલ માહોલ વચ્ચે પણ દરેક જ્ઞાતિ જે કાંઈ પ્રસંગ કરશે તે રીવાજ મુજબ જ કરશે. શાસ્ત્ર પ્રમાણિત રીવાજોની ભાવના અને પવિત્રતાને સહુ સુપેરે વધાવે છે.

પ્રસંગનો મુખ્ય હેતુ સર્વ કુટુંબીજનો મિત્રો પડોશીઓ વિગેરેને એક મંચ પર એકત્રિત કરી સામૂહીક રીતે પ્રસંગને ઉત્સવના રૂપમાં પરિવર્તિત કરી નાખવાનો છે. આ ઉત્સવમાં કંઈક માંગલ્ય સમાયેલું છે એવું દરેક જણ અનુભવે છે. આ રીવાજના મુદ્દામાં બંન્ને પક્ષોનો કોઈ લેવડ–દેવડનો ઉલ્લેખ નથી કરવાનો. માત્ર ને માત્ર વિધિ–વિધાનની ગરીમા ને અસ્મિતાને ઊજાગર કરવામાં આવે છે. લગ્નપ્રસંગે એક ધ્યાન ખેંચે એવી રસમ છે કે યુવક યુવતી અગ્નિની સાક્ષીએ પતિ પત્ની બને છે ને સાત ફેરા ફરવાની વિધિ દરમ્યાન એકબીજાના થઈને રહેવાના પૂરી શ્રધ્ધાને વિશ્વાસ સાથે પૂરક બની રહેવાના કોલ આપે છે. આ મંગલપ્રસંગને આમંત્રિતો પૂરા ઉમળકાથી વધાવે છે.

દીકરીની વિદાય વેળા નાનો પણ ચિર સ્મરણીય પ્રસંગ આવે છે– દીકરી જમાઈ પિતૃગૃહના સગાસંબંધીને ત્યાં કંકુના થાપા મારે છે. થાળીમાં પલાળેલા કંકુમાં પોતાના હાથ બોળીને સૌ પહેલા પિતાને ઘેર જાય છે બારણાને અઢેલીને આવેલી ભીંત ઉપર થાપા મારે છે આ વિધિ બહુ જ સંવેદનશીલ ને આવકારદાયક છે. દીકરી વિચારે છે કે લગ્ન પછી હું મારા શ્વસુરગૃહે લક્ષ્મીરૂપે જઉ છું પણ મારા માતા–પિતાને એવો તો અહેસાસ કરાવું કે પ્રત્યક્ષ રીતે તમારી સાથે નથી પણ જે હાથ મારી માએ માથે ફેરવ્યો છે જે પિતાએ મને મારી કારકીંદી વિષે સભાન કરવા મારે વાંસે હાથ ફેરવીને સમજાવી છે કોક વખત તેમના હાથની થપાટ મારા મોં પર પડી હશે, મન થયું હશે ત્યારે માબાપને મારા હાથે કંઈક સારૂં બનાવીને જમાડયા હશે, વ્હાલમાં મારી માના વાળ ઓળ્યા હશે. પિતાને માથામાં તેલ નાખી આપ્યું હશે. આ બધું કરવામાં મારા હાથે કેટકેટલા મીઠા સ્પંદનો ઝીલ્યા હશે? નાના ભાઈ બહેનને હાથ ફેરવીને સુવાડયા હશે. આ સુખદ સ્પંદનો લાગણીભીની સંવેદનાઓ કંકુના થાપારૂપે મારા પિયરપક્ષના બારણે અંકિત કરૂં–દીકરીના હૃદયમાં ઘોળાતી મા બાપ, ભાઈભાડુંની સુંવાળી હૂંફ ને પ્રેમ જે મન ભરીને માણ્યા છે, જે પિતૃગૃહની અણમોલ થાપણ છે તો તેને અહીંજ થોપાવીને લગ્નજીવનમાં પ્રવેશ કરું –દીકરીના હૃદયનો આ ધબકાર છે.

દીકરી બાપને મન પોતાની આંખ છે, જયારે માને મન સ્વયં પોતાનું જ રૂપ છે. દીકરી શ્વસુરગૃહે જતાં ઘણા વખત સુધી માબાપને નાનકડી ઢીંગલી ઘરના ખૂણે ખૂણે દોડતી કલબલાટ કરતી થોડીક સમજણી થાય એટલે માબાપની મિત્ર બની નાની મોટી હરકતો કરતી રહે, આવી નિર્દોષ ચેષ્ટાઓ

દીકરીની વિદાય પછી કેમે ભૂલાતી નથી. દીકરીને ખબર છે માબાપની વ્યથાની... તેથી જ ઘરના બારણે કંકુ થાપા મારીને અહેસાસ કરાવે છે –દીકરી તમારા બારણાને ટોડલે જ છે. હવે તો આ વિધિ કદાચ લુપ્ત થઈ ગઈ છે પણ તેની પાછળની પવિત્ર ભાવના દીકરી સાથેની સંવાદીતા અતૂટ જોડાણ અને લાગણીભરી હૂંફ બંન્ને પક્ષે હજુ આજે પણ અકબંધ છે. દીકરી માબાપની આંખની લિપિ જલ્દી ઓળખી લે છે. તેઓના મૌનમાં રહેલો માર્મિક સંદર્ભ પણ સમજે છે. તેનું કારણ દીકરી હૃદયથી "મા" છે. નાની ઉંમરથી જ માબાપના ભાવોને સમજવા લાગે છે. કંકુ થાપાનું મહત્વ એ જ છે કે જેટલાં વર્ષ  મા બાપ સાથે જે લાગણીઓ અનુભવી તેનું સરવૈયું અહીં જ મૂકતી જાય છે. કંકુ થાપા માત્ર હાથની છાપ જ નથી હાથની હરેક રેખા દીકરીના માબાપની અણમોલ ભેટ છે.

નાગર જ્ઞાતિમાં હજુ આ વિધિ કયારેક જોવા મળે છે. પિયરપક્ષે આવું શુભચિહ્ન થાપા દીકરીનું હાજરીનું નજરાણું બની રહે છે. આધુનિક યુવતીઓ આ વિધિ વિલીન થઈ ગઈ છતાં આ વાંચીને સુખદ રોમાંચ અનુભવશે....

દીકરી એટલે ?... જૂઈની નાજુક કળી, પ્રભુને ચડાવેલા ફૂલોની અવેજીમાં મળી,
બારમાસી વાદળી,ઝરમરતી ઝરમરતી રાખે સઘળું ય લીલુંછમ બારેય માસ......

પતંગિયું : ફળિયામાં ઊડાઊડની રંગોળી પૂરે, શરણાઈ કોઈ વગાડે,
એ તો ચૂપચાપ ઊડી જાય ને પાછળ રહી ગયેલા રંગો....ઝૂરે...

ચાંદરડું : દિવસ આખો ઘરમાં તે જ પાથરે પકડવું પકડાયના,
ઉંમરને ઓરડે દોડાદોડી કરે...દાદર ચઢે ઉતરે.. સૂરજ સાથે ચાલ્યું જાય આખરે...
વિદાય લીધેલી મા ની જગા દીકરીએ કયારે લઈ લીધી ને ખબરેય  ના પડી...

– શ્રી હર્ષદ ચંદારાણા

---

## કુ. અપર્ણા બક્ષી – એમ.ટેક. કુ. અર્પિતા બક્ષી – એમબીએ

ઉદેપુર સ્થિત ડો. બીપિન બક્ષી અને ડો. ક્ષીતિ બક્ષીનાં પુત્રી કુ. અપર્ણા બક્ષીએ રાંચી ખાતેથી BITS માંથી બાયોટેક એન્જી.માં બી.ટેક.ની પદવી મેળવી યુએસએની મેરીલેન્ડ યુનિવર્સિટીમાંથી Molecular Medicine માં માસ્ટર ડીગ્રી મેળવી અને યુએસએમાં જ રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે જોડાયાં.

જ્યારે ઉદેપુર સ્થિત ડો. બીપિન બક્ષી અને ડો. ક્ષીતિ બક્ષીનાં બીજાં પુત્રી કુ. અર્પિતા બક્ષી મુંબઈ ખાતેની નરસિ મોનજી ઇસ્ટીટયુટમાંથી ઉચ્ચ ગુણાંક સાથે એમ.બી.એ.(ટેક.)ની પદવી મેળવી નવી મુંબઈ ખાતે માસટેક આઈટી કંપનીમાં એનાલિસ્ટ તરીકે જોડાયાં.

## શ્રીમતી ફાલ્ગુની વસાવડા – ઓઝા ઓસ્ટ્રેલીયા જઈ આવ્યાં



અમદાવાદ ખાતે મુદ્રા ઇન્સ્ટીટયુટ ઓફ કોમ્યુનિકેશન (MICA) માં એસો. પ્રોફેસર તરીકે કાર્યરત શ્રીમતી ફાલ્ગુની વસાવડા–ઓઝા તા. ૧૫થી ૨૧ જૂલાઈ સુધી મેલબોર્ન ખાતે યોજાયેલ વર્લ્ડ માર્કેટીંગ કોંગ્રેસમાં ભાગ લેવા ઓસ્ટ્રેલીયા જઈ આવ્યાં. તેઓ ભારત ઉપરાંત યુએસએ, યુરોપ,જાપાન,ચીન તથા એશીયાના દેશોની યુનિવર્સિટીમાંથી  પસંદગી પામેલા ૧૦૦ પ્રોફેસરમાંના એક સભ્ય હતાં. અભિનંદન.

# બંદિશ દેસાઈના વિવિધ કાર્યક્રમોની ઝલક...










રાજકોટના આંગણે વડોદરાના પ્રખ્યાત મોટીવેશનલ સ્પીકર બંદિશ દેસાઈ દ્વારા...

# અખિલ ભારતીય નાગર પરિષદ રાજકોટ આયોજીત ફ્રી સેમિનાર

## સ્ટ્રેસ ટુ સકસેસ

### તારીખ : ૨૦ ઓકટોબરના રોજ ફ્રી સેમિનાર...હાર્દિક આમંત્રણ

અ.ભા.ના.પરિષદ રાજકોટ દ્વારા સમગ્ર જ્ઞાતિજનોના લાભાર્થે ગીત સંગીત તથા નૃત્યથી ભરપૂર એવો અર્ધજાગૃત મનની અગાધ શકિત ઊજાગર કરતો ગમ્મત સાથે જ્ઞાન સભર કાર્યક્રમ...

**સ્થળ :** શ્રી હેમુ ગઢવી હોલ, ટાગોર માર્ગ, રાજકોટ.

**સમય :** તા. ૨૦ ઓકટોબર–૨૦૧૩, રવિવાર

**સાંજે :** ૪ થી ૭ કાર્યક્રમ જ્ઞાતિજનો પૂરતો જ મર્યાદિત–પ્રવેશ વહેલા તે પહેલાને ધોરણે

**<u>કાર્યક્રમની વિશિષ્ટતા :</u>**

❖ વિદ્યાર્થીઓનું અભ્યાસમાં ધ્યાન વધારી ધાર્યુ પરિણામ લાવવામાં ઉપયોગી કાર્યક્રમ

❖ નોકરીયાત કે નિવૃત્ત, ધંધા કે વ્યવસાય,માર્કેટીંગ એકઝીકયુટીવ કે ગૃહિણીઓ હકારાત્મક બદલાવ સાથે ધાર્યુ લક્ષ્ય પ્રાપ્ત કરી જીવનમાં સુખ–સમૃદ્ધિ તથા શાંતિ પ્રદાન કરાવતો કાર્યક્રમ

કોઈપણ ઘટના બે વાર બને છે, પ્રથમ મનમાં અને પછી જીવનમાં...!!

ધારો કે આપણે મકાન બનાવવું છે તો પ્રથમ નકશો મનમાં તૈયાર થાય અને ત્યારબાદ ભૂમિ ઉપર...સફળતા કે નિષ્ફળતા પણ પ્રથમ મનમાં આકાર લે છે અને પછી જીવનમાં...!

બોર્ડમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી અને તે જ કલાસમાં અભ્યાસ કરી પરીક્ષામાં નિષ્ફળ જનાર વિદ્યાર્થી વચ્ચે તફાવત ફકત એટલો જ છે કે એકના મનમાં પ્રથમ સફળતાનું પ્રોગ્રામીંગ થયેલું છે અને બીજાના મનમાં શંકા, નિરાશા અને નિષ્ફળતાઓનું...જો આપણે સફળતા પ્રાપ્ત કરવી હોય તો આપણા સબકોન્શીયસ માઈન્ડ (અર્ધ જાગૃત મન)ને વૈજ્ઞાનિક ભાષામાં 'આલ્ફા લેવલ' પર એકટીવ કરી લક્ષ્ય પ્રાપ્તિનું પ્રોગ્રામીંગ કરવામાં આવે તો ચોકકસ સફળતા મળે છે.

ઉપરોકત કાર્યક્રમ દરમ્યાન આખા ઓડીયન્સનું આ રીતે પ્રોગ્રામીંગ કરવામાં આવશે...મેમરી ટેસ્ટ લેવામાં આવશે અને તમે પોતે જ પ્રોગ્રામીંગ પહેલાના અને પછીના આશ્ચર્યજનક તફાવતની અનુભૂતિ કરી શકશો...આ પધ્ધતિ શીખવવામાં આવશે,જેથી તમારા જીવનમાં બદલાવ લાવી શકશો.

કાર્યક્રમની શરૂઆત નૃત્ય વિશારદ કલાવૃંદના બહેનો દ્વારા.... 'પિયા તોસે નૈના લાગે રે...' ફિલ્મ ગાઈડના આ નૃત્ય ગીત સાથે થશે.

ત્યારબાદ ગમ્મત સાથે જ્ઞાનસભર કમાલ અને ધમાલથી ભરપૂર સેમિનાર...

અંતમાં..પ્રેક્ષકગણનું પ્રોગ્રામીંગ કરી 'બલમ પિચકારી..'ઉપર ફ્રીલાન્સ ડાન્સ થશે. જેમાં બહેનો સ્ટેજ ઉપર રહેશે. અને ભાઈઓ સ્ટેજના નીચેના ફલોર ઉપર ડાન્સ કરશે...

વાંચવા, સાંભળવા કરતાં અનુભવ અને અનુભૂતિ કરવાની અણમોલ તકનો લાભ લેવા અચૂક પધારો...




Visit : www.bandishdesai.com Mo. : 9879745122

# :::::::::::: મંગલ મેરેજ બ્યુરો ::::::::::::

**સંચાલક :– મમતા ઢેબર ફોન નં. ૦૨૮૧ ૨૫૭૦૬૮૧**

**(સમયમાં ફેરફાર નોંધી લેશો સવારે :– ૧૨ થી ૨, સાંજે ૭ થી ૯) (રવિવારે રજા)**

**Mail ID- mamtadhebar@yahoo.in**

**Why to compromise with limited choice, get unlimited options with MMB**

**----- ઉચ્ચ અભ્યાસ – નોકરી કરતી કન્યાની વિગત – સમકક્ષ યુવકો જોઈએ છે.-----**

(૧) ડીસેમ્બર – ૮૨ ડીપ્લોમા મીકે. એન્જીનીયર ઉંચાઈ ૫'.૩" વડોદરા
(૨) ડીસેમ્બર – ૮૨ બી.કોમ., ઉંચાઈ ૫'.૩" મુંબઈ
(૩) ઓકટોબર – ૮૨ બીસીએ., એમ.સી.એ. – અમદાવાદ
(૪) મે – ૮૩ ઈ.સી. એન્જીનીયર એનઆરઆઈ પણ આવકાર્ય અમદાવાદ
(૫) જૂલાઈ – ૮૩ બી.એ., પીટીસી., સરકારી નોકરી – રાજકોટ
(૬) એપ્રિલ – ૮૪ બી.કોમ., ડીસીએ., પીજીડીસીએ. બેંકમાં નોકરી રાજકોટ
(૭) ઓગષ્ટ – ૮૫ બી.કોમ, માસ્ટર્સ ડીગ્રી ઈન માસ કોમ્યુનિકેશન
(૮) માર્ચ – ૮૭ બી.કોમ., ડીપ્લોમા ઈન બીઝનેસ મેનેજમેન્ટ – મુંબઈ
(૯) ડીસેમ્બર – ૮૮ હોમિયોપેથી ડોકટર – ગુજરાત
(૧૦) સપ્ટેમ્બર – ૮૮ એમ.એસસી.(મેથ્સ) લેકચરર – અમદાવાદ

**સગાઈના અભિનંદન :** ગ્રીષ્મા છાયા – દિપ વોરા, આનલ દવે – સર્જક વોરા

**જોઈએ છે :**

**વડનગરા નાગર યુવકને કન્યા**

નામ : પ્રેરક કશ્યપકુમાર વોરા–વડોદરા
અભ્યાસ : બી. ઇ. (ઈલેકટ્રોનીકસ)
એમ.એસ. યુનિવર્સિટી (ગોલ્ડ મેડાલીસ્ટ)
એમ.બી.એ.(ફાઈનાન્સ)
આઈ.આઈ.એમ. કલકત્તા
જન્મ : ૪/૧૯૮૭
ઉંચાઈ : ૬'
નોકરી : મુંબઈ ખાતે મેકેન્ઝી મલ્ટીનેશનલ કંપનીમાં.
**સંપર્ક : ૦૨૬૫–૨૩૯૩૪૦૭**
**મો. ૯૯૯૮૦૦૩૯૭૯**

આપના સગા સ્નેહીજનોને લવાજમ ભરવાનું બાકી હોય તો Bank of Baroda Kalawad Rd. Rajkot Br. C. A/c. 15010200000110 દ્વારા અથવા મ.ઓ. થી હજુ પણ ભરી શકે છે. વહેલા તે પહેલાના ધોરણે આ પહેલો અંક મોકલવામાં આવશે. –તંત્રી

**VISIT barchhi.com FOR**
'Wed Help' & (Online)E KKB

ઓનલાઈન 'બરછી'નું વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૮૦/– રાખવામાં આવેલ છે...ઉપરના બેંક એકાઉન્ટમાં કે મ. ઓ. થી રકમ જમા કરાવી barchhi.com વેબસાઈટ ઉપર આપેલ ફોર્મેટમાં આપનું નામ, ઈ મેઇલ આઇડી રજીસ્ટર કરાવતાં 'પાસવર્ડ' આપવામાં આવશે.